# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ નોંધાયા

## વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : ૨૦ દર્દીઓને રજા અપાઈ : કલોલમાં પાંચ, દહેગામમાં ૨, માણસામાં ૩ અને ગાંધીનગરમાં ૧ કેસ નોંધાયો : હાલ ૧૨ હજારથી વધુ લોકો ક્વોરન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે. આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજતાં ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુ આંક ૨૩ થયો છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન આજે વધુ બે દર્દીના મોત થયા છે. આ બન્ને દર્દી કલોલ તાલુકાના છે. એક પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ.

જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા કેસોમાં સારવાર દરમ્યાન કલોલના ૧૦, ગાંધીનગરના ૭, દહેગામના ૫ અને માણસા તાલુકાના ૧ દર્દીનું મોત થયુ છે.

આજે જે બે દર્દીઓના મોત થયા છે તેઓ કોરોના ઉપરાંત અન્ય બિમારીથી પણ પિડીત હતા. કલોલના ૬૫ વર્ષીય પુરૂષને હાઈપર ટેન્શનની બિમારી હતી જેમનુ સારવાર દરમ્યાન મોત થયુ છે જ્યારે ૨૮ વર્ષીય મહિલા દર્દી જે ડાયાબીટીસથી પિડીત હતી તેનું પણ મોત થયુ છે.

જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા ૨૩ મોતમાં મોટાભાગના દર્દીઓના મોત કો. મોરબીડ કેટેગરીમાં છે. અર્થાત આ દર્દીઓ કોરોના ઉપરાંત અન્ય બિમારી પણ ધરાવતા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે વધુ ૧૧ કેસ નોંધાયા છે તેમાં કલોલમાં ૫, ગાંધીનગરમાં ૧, માણસામાં ૩ અને દહેગામના ૨ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના કોલવડા ગામે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા ગાંધીનગરની સે. ૨૦ સ્થિત એક યુનિ.માં સેવારત હોવાનું જાણવા મળેલ છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

કલોલ તાલુકામાં પાંચ કેસ મળ્યા છે. જેમાં જામળા ગામેથી એક ૫૪ વર્ષીય વૃધ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેમને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવ્યા છે. અર્બન-૨ માંથી ૧ પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત બે દર્દીના ખાનગી લેબોરેટરીમાં રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે તેમાં પણ એક મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ તાલુકામાંથી પણ કોરોનાના બે પોઝીટીવ કેસ મળી આવ્યા છે. અમરાજીના મુવાડા ગામેથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત નાંદોલ દહેગામ ખાતેથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે આ દર્દી ડાયાબીટીસથી પિડીત હોવાનુ જાણવા મળેલ છે. તંત્ર દ્વારા આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

માણસા તાલુકાના રિદ્રોલ ગામેથી એક વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધા કેવી રીતે સંક્રમિત થયા તે અંગેની વિગતો મેળવવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત ધોળાકુવા ગામનો વતની અને અમદાવાદ રહેતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

માણસા શહેરમાંથી પણ એક મુંબઈથી આવેલ વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી દીધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓ પૈકી વધુ ૨૦ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જેમાં ૧૧ મહિલા દર્દી અને ૯ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આજે કલોલના વધુ ૧૨ દર્દીઓને રજા આપવામાં આવી હોવાનું જેમાં ૯ મહિલાઓ હોવાનું તંત્રએ જણાવ્યું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૧૨૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં સારવાર દરમ્યાન ૨૩ દર્દીના મોત થયા છે.

જિલ્લામાં હાલ ૧૨,૨૯૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં નોંધાયેલ કેસ પૈકી ૧૮૯ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# શહેરમાં વધુ ૫ કેસ

## શહેરમાં સે. ૨૧, ૪-સી, ૧૩-બી અને જીઈબી કોલોનીમાંથી કેસો નોંધાયા : ૪૦૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના વધુ પાંચ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૫૬ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં આજે એક મહિલા દર્દી સહિત કુલ પાંચ કેસ કોરોના પોઝીટીવના નોંધાતાં તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ.

આજે શહેરમાં સે. ૨૧, સે. ૪-સી, સે. ૧૩-બી અને જીઈબી કોલોની ખાતેથી કેસો મળી આવ્યા છે. સે. ૪-સી માં એક જ પરિવારમાંથી બે કેસ મળી આવ્યા છે. આ બન્ને દર્દી અગાઉ સંક્રમિત થયેલ પરિવારના જ સભ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૧ માં 'છ' ટાઈપમાં રહેતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી જુના સચિવાલય સંકુલમાં ફરજો બજાવે છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

### હોમ આઈસોલેશનમાં ૧૦ દર્દી સારવાર હેઠળ છે

ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯થી સંક્રમિત થયેલા ૧૦ દર્દીઓના હોમ આઈસોલેશનની માંગણી તંત્રએ ગ્રાહ્ય રાખી અને તેમની લેખિત બાંહેધરી મેળવી છે. શહેરમાં અત્યાર સુધીમાં ૧૫૬ દર્દીઓ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે તેમજ નવા વિસ્તારોમાંથી જ કેસો મળી રહ્યા છે. જો કે શહેરમાં નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી વધુ નોંધાયા હોવાનું તંત્ર કરી રહ્યું છે.

સે. ૧૩-બી માંથી મહેસાણા જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલમાં ૬ઠ્ઠા માળે પણ કોવિડ-૧૯ માટે વોર્ડ શરૂ

## ૩૦ થી વધુ દર્દીઓ હાલ સપોર્ટીંગ સિસ્ટમ પર છે : દર્દીઓ વધતાં ૬ઠ્ઠા માળે દર્દીઓ રખાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે ૬ઠ્ઠો માળ પણ કોવિડ-૧૯ના દર્દીઓ માટે કાર્યરત કરી દેવામાં આવ્યો છે. ૮ મા માળે કોવિડ-૧૯ના ક્રિટીકલ પેશન્ટો માટે ૩૦ પથારી પણ રાખવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૩૦ થી વધુ દર્દીઓ સપોર્ટીંગ સિસ્ટમ પર હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ કોવિડ-૧૯ માટે સરકાર દ્વારા ડેઝીગ્નેટેડ કરવામાં આવેલ છે. અહિ ૩૦૦ બેડની કોવિડ-૧૯ની હોસ્પિટલ છે.

આ હોસ્પિટલમાં કોવિડ-૧૯ માટે ખાસ ઓ.પી.ડી. પણ ચલાવવામાં આવી રહી છે. જો કે હોસ્પિટલમાં કોવિડ-૧૯ માટે જરૂરી મેનપાવરની ખેંચ વર્તાઈ રહી છે. જિલ્લાની મુખ્ય હોસ્પિટલ છે અને મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો વધતાં જિલ્લાની અન્ય ત્રણ હોસ્પિટલોને પણ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી છે. કોલવડા કોવિડ કેર સેન્ટર પણ ઉભુ કરવામાં આવ્યુ છે જ્યાં ૧૦૦ દર્દીઓની બેડ છે.




કોરોનાના ત્રણ માસના લોકડાઉનમાં પર્યાવરણમાં જે ફેરફાર થયા છે તે જોતાં પ્રકૃતિની સુંદરતામાં વધારો થયો છે... પેટ્રોલ - ડીઝલના ધુમાડા વિનાનું આકાશ સુંદર અને સોહામણું લાગે છે... વૃક્ષો પણ તાજગીભર્યા અને સાચા અર્થમાં લીલોતરી જણાય છે. તાજગીભર્યા સુંદર ગાંધીનગરની આ બે તસવીરો છે. તે નિહાળીએ અને પર્યાવરણ બચાવી ગાંધીનગરને આવું જ સુંદર સદાય રાખવાનો પ્રયાસ કરીએ... (તસવીર : નિકુંજ વૈષ્યક)

# પ્રોપર્ટી માર્કેટમાં ગાંધીનગરનુ ભવિષ્ય ઉજ્જવળ

## ગાંધીનગર નાગરિકો માટે મકાન ખરીદી માટેની પ્રથમ પસંદગી બનશે : કોઇ સોદા કેન્સલ થયા નથી : ગાંધીનગર સરખેજ હાઇવેનો વિકાસ પણ સકારાત્મક અસર કરશે : આગામી ૩ થી ૬ મહીનામાં બજાર ધમધમશે : મજુરો આવતા થઇ ગયા છે : કામ ચાલુ છે : બિલ્ડરો

ગાંધીનગર તા ૧૩

કોરોનાની મહામારીના લીધે છેલ્લા બે મહીનાથી લોકડાઉન હોવાથી વેપાર ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા હતા જયારે બિલ્ડરોના પણ કરોડો રૂપિયાના પ્રાજેકટનુ કામ કોરોના કાળમાં અટવાઈ ગયુ હતુ. ગાંધીનગરના બિલ્ડરોની કરોડો રૂપિયાની મુડી રોકાયેલી છે. ત્યારે લોકડાઉનના સમયગાળામાં સ્ટાફનો પગાર - ઓફિસ ખર્ચ પણ ચાલુ રહ્યો હતો. પરંતુ બે મહીનાના અંતે હવે બિલ્ડીંગ ઉદ્યોગોની ગાડી પાટે ચઢી રહી છે. હાલ લેબરનો પ્રશ્ન છે. પરંતુ ધીમે ધીમે મજુરો પણ આવી રહ્યા છે. પ્રોપર્ટી બજાર ડગ માંડતુ થઈ ગયુ છે. બિલ્ડર લોબી કામે લાગી છે. કોરોનાના કહેર વચ્ચે સુન્ન પડી ગયેલા બાંધકામ ક્ષેત્રમાં હવે નવી દીશા ખુલી રહી છે. ગાંધીનગર અમદાવાદની નજીક છે. જયારે અમદાવાદમાં ગીચતા વધી રહી છે. જયારે નોર્થ ગુજરાતના રહીશો પણ પ્રોપર્ટી ખરીદવા માટે ગાંધીનગર પર પસંદગી ઉતારી રહ્યા છે. હાલ બે બેડરૂમના મકાનો તેમજ બંગલા ખરીદવા માટે પણ ધીમે ધીમે ઈન્કવાયરી વધી રહી છે. ત્યારે આગામી ૩ થી ૬ મહીનામાં રીયલ એસ્ટેટનુ બજાર ધમધમતુ થઈ જશે પ્રોપર્ટી બજાર પોઝિટીવ દિશામાં આગળ વધી રહ્યુ છે. ગાંધીનગર સરખેજ હાઈવેના વિકાસની સાથે શાંત રળિયામણા અને ખુલ્લા શહેરમાં બાંધકામના વ્યવસાયનુ ભવિષ્ય ઉજળુ છે.તેવી આશા પણ નગરના અગ્રણી બિલ્ડરોએ વ્યકત કરી છે.

### કોરોના અહીં અટકી જાય તો હવે વાંધો નથી



કોરોના અહીં અટકે તો હવે વાંધો નથી..મારી દ્રષ્ટીએ હાલ બજારમાં કોઈ સમસ્યા નથી. નાગરિકો ભયના લીધે ઘરની બહાર નિકળ્યા નથી આથી વધુ કોઈ નુકશાન નથી. પરંતુ આગામી દિવસોમાં બધુ સેટ થઈ જશે. હાથ પર પૈસા નથી તે વાત મુખ્ય છે. ૬ મહીના તકલીફ રહેશે. હાલ મજુર અને મની બે મુખ્ય સમસ્યાનો વિષય છે. પણ ટુંકા સમયમાં જ બધુ બરાબર થઈ જશે તેવી આશા છે.

**ચેતન પટેલ - (સિદ્ધરાજ ગૃપ)**

### મકાન ખરીદવા માટે ગાંધીનગર પ્રથમ પસંદગી બનશે

બજારમાં પૈસા નથી કોઈ મળવા આવતુ નથી. વર્ષ ૨૦૨૦માં ભવિષ્ય ઉજ્જવળ દેખાતુ નથી. નુકશાન ચૌકક્સ છે. વ્યાજ લોનના હપ્તા , સ્ટાફનો પગાર જેવા પ્રશ્નો પણ ઉકેલવાના હોય છે. લોકડાઉનમાં બધુ બંધ હતુ પરંતુ સ્ટાફનો પગાર પણ ચાલુ હોવાથી ખર્ચ તો થયો જ છે. જો કે સરકારે હાઉસીંગ લોન માટે સરકારે ૭ ટકાની જાહેરાત કરી તે વાત સારી છે. જેના લીધે બે બેડરૂમ યુનિટના વેચાણ વધશે. જે નાગરિકો ભાડાના ઘરમાં રહેતા હોય તેઓ પોતાના ઘર ખરીદવા માટે ઉત્સુક બનશે. જયારે કોરોના કાળમાં ગીચ શહેરમાં રહેવાનુ નાગરિકો હવે ટાળી રહ્યા છે. મકાન ખરીદવા માટે પણ ગાંધીનગર પસંદગીનુ સ્થળ બન્યુ છે. ગાંધીનગરમાં આગામી દિવસોમાં મકાનનુ વેચાણ વધશે. પરંતુ કોર્મશિયલ પ્રોજેકટમાં મંદી રહેશે. દુકાનોનુ વેચાણ ઝડપથી થશે નહીં. લોકડાઉનમાં પણ બંગલા ખરીદવા માટે ઈન્કવાયરી આવી છે.



**પ્રમુખ પટેલ - (શ્રીરંગ ગૃપ)**

### હજુ બે ત્રણ મહીનામાં રૂટીન આવી જશે



લોકડાઉનના બે ત્રણ મહીના કામ બંધ રહ્યુ જયારે આ વેળાએ સ્ટાફના પગારની ચુકવણી સહીતના અનેક નાના મોટા પ્રશ્નો હતા. જયારે અગાઉ જે આર્થિક રોકાણ કર્યુ હોય તે પણ સામે છે. લોન અને વ્યાજના મુદ્દા સામે છે. હજુ બે ત્રણ મહીનામાં રૂટીન આવી જશે. માર્કેટમાં ગતિવિધી વધશે ચાર છ મહીના કામ વિલંબમાં પડયુ છે બીજી કોઈ વાત હાલ પુરતી નથી. બિલ્ડરનો ધંધો આમ પણ એવો છે કે સવારે પૈસા રોકો અને સાંજે ઘરે પાછા ન આવે આવી વિચારસરણી સાથે અન્ય કોઈ બિઝનેસ થાય પરંતુ બિલ્ડીંગ લાઈનમાં ન અવાય. આ બિઝનેસમાં કાયમી મોટુ રાકાણ અનિવાર્ય હોય છે. હાલ બિલ્ડીંગ નિર્માણના પ્રોજેકટ પાછળ કામગીરી પણ શરૂ થઈ ગઈ છે. ત્યારે લોકડાઉન બાદ હવે આગામી દિવસોમાં ભવિષ્ય ઉજ્જવળ છે.

**નિલય દેસાઇ - (પીએસવાય ગૃપ)**

### આગામી દિવસોમાં બજાર ધમધમતું થશે



લોકડાઉનનો સમયગાળો યુનિક છે. દરેક ધંધાદારી માટે ઈકોનોમી ઉભી રહી ગઈ છે. જો કે રીયલ એસ્ટેટમાં મંદી તેજી આવતી હોય છે. લેબર લેબર કોસ્ટ મોટી ચેલેન્જ છે. મજુર મળતા નથી અત્યાર સુધી વેચાણ કર્યુ તેને હોલ્ટ કરીને રાખવુ અઘરુ છે. ઉઘરાણી પણ રીકવર કરવી અઘરી છે. જો કે લોકડાઉનમાં નાગરિકો ઘરમાં રહીને જ બચી શકયા છે. ત્યારે આગામી દિવસોમાં મકાનની ખરીદી તરફ નાગરિકો વધુ ધ્યાન આપશે અલબત્ત જે નાગરિકો પાસે મકાન નથી તે ભાડા ચુકવીને રહે છે. ત્યારે ભાડાની રકમમાંથી મકાન ખરીદવા તરફ વિચારણા કરશે. છેલ્લા ૧૫ દિવસથી બજારમાં ઈન્કવાયરી વધી ગઈ છે. આગામી દિવસોમાં બજાર ધમધમતુ થશે તેમાં કોઈ શંકા નથી.

**ચેતન છાયા - (ટીપીએસ) પ્રોપર્ટી કન્સલટન્ટ**

### પ્રોપર્ટી બજાર પોઝિટીવ દિશામાં આગળ વધી રહ્યુ છે

બે ત્રણ મહીનામાં બધુ શરૂ થઈ જશે સાઈટ પર કામો શરૂ થઈ ગયા છે. મજુરો પણ આવી રહ્યા છે. લોકડાઉનમાં ત્રણ ચાર મહીના કામ બંધ રહ્યા જેના લીધે ગ્રાહકોને મકાન કે દુકાનનુ પઝેશન આપવામાં થોડુ મોડુ થશે. લોકડાઉનમાં સાઈટ મેનેજમેન્ટ તેમજ સ્ટાફનો પગાર પણ ચાલુ હતો. જે બાબત બિલ્ડરોએ નિભાવી છે. બાંધકામના વ્યવસાયમાં ગાંધીનગરમાં વધુ સારુ થશે. ગાંધીનગર સરખેજ હાઈવે પણ વિકાસ પામી રહ્યો છે. અમદાવાદની સરખામણીએ હવે નાગરિકો ગાંધીનગરમાં મકાન ખરીદવા માટે પસંદગી ઉતારી રહ્યા છે. નોર્થ ગુજરાતીઓ પણ ગાંધીનગરમાં પ્રોપર્ટી ખરીદવા માટે આકર્ષાયા છે. જયારે લોકડાઉનના અંતે હજુ ચાર પાંચ પ્રોજેકટ પણ બિલ્ડરો નવા શરૂ કરવાના છે. અત્યાર સુધી એક પણ સોદો પણ કેન્સલ થયો નથી માર્કેટ પોઝિટીવ દીશામાં આગળ વધી રહ્યુ છે.



**ક્ષિતિજ પટેલ - (દેવ ગૃપ)**

## છેલ્લે... છેલ્લે...

- શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવને કોરોના પોઝિટિવના અહેવાલ, અધિકારી વર્ગમાં ભારે ચિંતા
- અમદાવાદ મહાનગરપાલિકાના બે કોર્પોરેટરને કોરોના પોઝિટિવ
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૨૫મીએ યોજાનાર પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય
- દેશમાં ક્રિટીકલ દર્દીઓની સંખ્યામાં વધારો, હાલ ૮૯૪૪ દર્દીઓ ક્રિટીકલ
- મધ્યપ્રદેશના ગવર્નર લાલજી ટંડનની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ગાંધીનગર અખબાર ભવનમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાતા સેનેટાઈઝ કરાયું

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad Jaquar experience bathing DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com